"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

---

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૨-૨૩/૨૦ તા.૧૮-૦૪-૨૦૨૨

**ખાસ જરૂરી**

પ્રતિશ્રી,
**માન.શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ**
માન. પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર,
શાહીબાગ, અમદાવાદ.

**<u>વિષય :- ભારે તથા મધ્યમ પ્રકારના માલવાહક વાહનોના પ્રવેશ અંગે</u>**

માનનીય શ્રી,

સવિનય જણાવવાનું કે બપોરના ૧.૦૦ થી ૪.૦૦ના ગાળામાં કોમર્શીયલ વાહનોને શહેરના વિસ્તારમાં પ્રવેશની છુટ વર્તમાન પરિસ્થિતિને કારણે આપવામાં આવેલ. જે તા.૦૨-૦૩-૨૦૨૨ના આપશ્રીના જાહેરનામા નં : ગ/ઉપક/ટ્રાફિક/૭/૨૦૨૨થી સ્થગિત કરવામાં આવેલ છે.

આપશ્રીને જણાવવાનું કે સને ૨૦૦૪થી ભારે માલ વાહક વાહનોની અવર-જવર ઉપર આપશ્રીના વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાં મુજબ સવારના ૯.૦૦ થી રાતના ૯.૦૦ સુધી પ્રવેશબંધી હતી, પણ વેપાર અને ઉદ્યોગના અગત્યના વિસ્તારોને યોગ્ય રસ્તાઓથી સાંકળી શકાતા હતા તેવા રસ્તાઓ ઉપર આખા દિવસ દરમ્યાન તેમજ અમુક રસ્તાઓ ઉપર બપોરે ૧ થી ૪ દરમ્યાન પ્રવેશની છુટ આપવામાં આવેલ. તે પ્રમાણે અમદાવાદ શહેરના વ્યાપાર અને ઉદ્યોગની વ્યવસ્થા અને જરૂરિયાત જળવાઈ રહેતી.

આપ જાણો છો તેમ હજુ પણ વેપાર-ઉદ્યોગની પરિસ્થિતિ પૂર્વવત સામાન્ય થઈ નથી. ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં હાલ મંદીની પરિસ્થિતિ છે. તેવામાં બહારગામની કે બહારગામથી આવતી ગાડીઓ શહેરમાં રાત્રે પહોંચે તો તેને ખાલી કરવા કે માલ ભરવા માટે આખો દિવસ રાહ જોવી પડે છે, કારણ કે ગાડી ખાલી કરવા કે માલ ભરવા માટે રાત્રે મજુરો મળતા નથી તેમજ કોઈ દુકાનો પણ ખુલ્લી હોતી નથી. જેથી ટ્રકમાંથી માલ ઉતારવામાં કે ભરવામાં તેમજ માલની ડીલીવરી કરવામાં ખુબ જ મુશ્કેલી પડે છે. બપોરે ૧ થી ૪ દરમ્યાન ભારે વાહનોને શહેરમાં પ્રવેશ કરવા દેવામાં આવે તો ગાડી ખાલી કરવા કે ભરવા માટે મજુરો સહેલાઈથી મળી રહે તેમજ દુકાનો ખુલ્લી હોવાને કારણે માલ ડીલીવરી કરવામાં પણ આશાની રહે. જેથી ગાડીમાલીકો આર્થિક નુકશાનથી બચી શકે.

ઉપરોકત જણાવ્યા મુજબ ગુજરાત રાજયના વેપાર, ઉદ્યોગ અને ઈન્ડસ્ટ્રીઝને કોરોનાની પરિસ્થિતિમાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને પાછો વેગ આપવા માટે બપોરે ૧.૦૦ થી ૪.૦૦ કલાક સુધી ભારે તથા મધ્યમ પ્રકારના માલવાહક વાહનોને અમદાવાદ શહેરમાં પ્રવેશ માટે છુટ આપવામાં આવે, તેવી અમારા ટ્રાન્સપોર્ટરભાઈઓની લાગણી અને માંગણી છે.

આપના સહકારની અપેક્ષા સહ

આપના વિશ્વાસુ,

**મુકેશભાઈ સી. દવે**
(કાર્યકારી પ્રમુખ)

**હસુભાઈ એન. ભગદે**
(માનદમંત્રી)

નકલ રવાના : માન.શ્રી એમ.એ.ચાવડા સાહેબ-સંયુકત પોલીસ કમિશ્નર (ટ્રાફિક)-અમદાવાદ.